Extra No. 403

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, NOVEMBER 12, 2025 / KARTIKA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: HD/MIS/e-file/B/2025/0778/SB2 તા.૧૭/૦૯/૨૦૨૫

(૨) ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:: HD/MIS/e-file/B/2025/0778/SB2 તા.૦૭/૧૧/૨૦૨૫

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૪૫૧૭ થી ૧૪૫૮૩/૨૦૨૫.-આગામી દિવસોમાં પાટણ જિલ્લામાં ઉત્તરાયણ(મકરસંક્રાતિ) તહેવારની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) પાટણ શહેર/ગ્રામ્ય વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ અને ચાઈનીઝ તુક્કલ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ/ચાઈનિઝ તુક્કલ ઉપર ઉશ્કેરણી જનક લખાણો લખી પતંગ/ચાઈનીઝ તુક્કલ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેક્ટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તથા શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે અને અકસ્માત થવાની સંભાવનાઓ રહેલી છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે, જેને અનુલક્ષીને જાહેરમાર્ગો(રસ્તાઓ) ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યકિતના શરીરના કોઈ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તિક્ષણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાય જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે પાટણ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે.

તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તી ને નુકશાન થાય છે. જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ પ્રતિબંધ ફરમાવુ છું

:: પ્રતિબંધીત કૃત્યો ::

૧. ચાઈનીઝ તુક્કલ / લેન્ટર્ન તથા ચાઈનીઝ માંઝા ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયનોલ થ્રેડ દોરી (ગૃહ વિભાગના તા.૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક HD/MIS/e-file/8/2025/0778/SB2 થી છુટ આપેલ માંઝા/ દોરી સિવાય)નુ ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, અને ઉપયોગ ઉપર.

૨. કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાવવા ઉપર.

૩. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર,

૪. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર

૫. શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓ ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવીને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલા પતંગ કે દોરી કાઢવા ઉપર

૬. કોઈપણ વ્યક્તિઓ દ્વારા જાહેર માર્ગ ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો / પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ ઉભો કરવા ઉપર

૭. કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ(ગૃહ વિભાગના તા. ૦૭/૧૧/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક HD/MIS/e-file/8/2025/0778/SB2 થી છુટ આપેલ માંઝા/દોરી સિવાય), ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાની આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કરવા ઉપર તેમજ આવા દોરાનો ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર.

:: અમલવારીનો સમયગાળો ::

આ જાહેરનામું જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી.સી.બોડાણા (GAS)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:29:48 IST